॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર · જાગૃત ઉજાગર · સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● ભાદરવા સુદ - ૫ ● તા. ૧૧-૦૯-૨૧ ● શનિવાર SDP NO: 509 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

॥ સનાતન પરમો ધર્મ ॥

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ

(Trust Regd. No. A-828 kutch Dt. 6-4-1965)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

કોટડા ગામ ગૌરવ સહ અભિનદીત કરે છે

શ્રી સમાજ ટ્રસ્ટીશ્રી
વિશ્રામભાઈ છાભૈયા
બેંગલોર

શ્રીસમાજ ઉપપ્રમુખશ્રી
રાજેશ દિવાણી
કોટડા

વિશ્રામભાઈ લાલજીભાઈ છાભૈયા
રાજેશભાઈ મેઘજીભાઈ દિવાણી, કોટડા જડોદરને

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ બનવા બદલ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા આપશ્રીની ઉપરોક્ત પદ ઉપર નિમણૂક થતા કોટડા ગામ ને એક નવો મોર પીંછું લાગેલ છે.

આપ આ પદ ઉપર રહીને વિશેષ સેવા આપશો અને સમાજને નવી દિશા માં પ્રગતિના પંથ ઉપર લઈ જશો અને કોટડા ગામનું નામ રોશન કરશો એવી આશા સાથે હાર્દિક શુભેચ્છા, જય શ્રી લક્ષ્મીનારાયણ

પ્રેષક
શ્રી કોટડા જડોદર
પાટીદાર યુવક મંડળ પ્રમુખ શ્રી શૈલેષ ભાઈ કાંતિલાલ વાડિયા તથા
મંત્રી શ્રી હેમેન્દ્ર લિબાણી તથા સમસ્ત કોટડા પાટીદાર યુવક મંડળ

॥ सनातन परमो धर्म ॥

SHREE AKHIL BHARATIYA KUTCH KADVA PATIDAR

YUVASANGH

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, જી. ભુજ (કચ્છ) - ૩૭૦ ૬૧૫

ABKKPY Reg.No. A/4017/A'bad www.yuvasangh.org E-mail : abkkp@yavasangh.org

તેલંગણા-આંધ્ર રિજીએન જનરલ સભા-નિઝામાબાદ.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ,
તેલંગાના - એ. પી. (TAP) રીજીયનની દ્વિ - વાર્ષિક સામાન્ય સભા
આગામી તા . ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ સવારના ૯-૦૦ કલાકે
બાવા ગાર્ડન , નિઝામાબાદ મધ્યે રાખવામાં આવેલ છે.

જેમાં મુખ્યતવે આગામી બે વર્ષ માટે નવી કાર્યકરણીનું ગઠન કરવામાં આવશે તથા ટી.એ.પી. યુવાસંઘ દ્વારા ગત બે વર્ષ દરમ્યાન થયેલ કાર્યોનો વિગતવાર અહેવાલ તેમજ સામાજીક મુદ્દાઓ ઉપર ખુલ્લા. મને ચર્ચા-વિચરણાં કરવામાં આવશે. જેમાં સમાજના દરેક યુવા વર્ગ (યુવક અને યુવતીઓ) ને નમ્ર વિનંતી કરવામાં આવે છે કે ટી.એ.પી. યુવાસંઘની આ દ્વિ-વાર્ષિક સામાન્ય સભામાં આપશ્રી સારી સંખ્યામાં હાજર રહી સભાની ચર્ચામાં ભાગ લઈ આપના અનુભવનો લાભ ટી.એ.પી. યુવાઓને અમૂલ્ય મંતવ્યો આપવા વિનંતી સહ હાર્દિક આમંત્રણ પાઠવીએ.

અધ્યક્ષશ્રી ની અનુમતી થી અન્ય વિષયોં પર ચર્ચા અને મંજુરી-ખુલ્લો મંચ

- રીજીનલ ચેરમેન) સભા અધ્યક્ષશ્રીનું ઉદબોધન પ્રાસંગિક પ્રવચન . ચુટણી કમીશનરની નિમણુક (શ્રી અ.ભા.ક.ક.પા.યુવા સંઘ અને ટી.એ.પી. યુવા સંઘની પંસદગી સમીતિનું સ્થાન ગ્રહણ) સાથે વર્તમાન કારોબારી સમિતીનું વિલીનીકરણ.
- ચુટણી કમીશનર દ્વારા ઝોન વાઈસ આવેલ નામોની જાહેરાત સાથે તેમને હોદ્દા વિતરણ કરવાની પરવાંગી.
- નૂતન કારોબારી સમિતિને હોદ્દા પ્રમાણે સ્થાન ગ્રહણ.

નોંધ: તા.૧૧-૦૯-૨૦૨૧ ના કારોબારી સભાનું બાદ સંગીત સંધ્યાનું આયોજન રાખવામાં આવેલ છે . આ કાર્યક્રમમાં સર્વે સભ્યોના સપરિવાર ભાગ લેવા વિનંતી.

સહકાર અને સહ આયોજક શ્રી કચ્છ કટવા પાટીદાર યુવક મંડળ - વિઝામાબાદ
રિજીયન ચીફ સેક્રેટરી - મનોજ રવિલાલ દડગા

મહાત્મા ગાંધી રિજ્યન ની કારોબારી સભા

યુવા સંગ - મહાત્મા ગાંધી રિજિયન ની કારોબારી સભા તા.૧૦-૦૯-૨૦૨૧ શુક્રવાર ના ચેરમેન વિપુલભાઈ પોકાર ના અધ્યક્ષ સ્થાને નરોડા સમાજવાડી ખાતે બપોરે ૩ વાગ્યે મળી હતી.

મીટીંગમાં MGRના હોદ્દેદારો, કારોબારી સભ્યોની સાથે સાથે દરેક ઘટક યુવા મંડળ ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગમાં ચાલુ ટર્મ દરમિયાન MGR દ્વારા આયોજીત કરાયેલ પ્રોગ્રામો અને તા. ૧૨-૦૯-૨૦૨૧ ના AGM ની તૈયારી અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઘણા સમય બાદ કારોબારી સભા યોજાઈ હોવાના કારણે સૌ કાર્યકર્તાઓમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

Team MGR
PRO - નરેશ રત્નાણી
(નરોડા)

YSK YSK - : ખુશીની લહેર : - YSK YSK

પૈસેટકે સુખી કહી શકાય એવો સંકેત સાબરકાંઠાના છેવાડાના ગામ વિજયનગરનો વતની હતો. ગામડે સારી કહી શકાય એવી ખેતી હતી જે એના પિતા અને મોટા ભાઈ સંભાળતા હતા. સંકેત MBA-Financeની ડીગ્રી મેળવીને અમદાવાદ જેવા ગુજરાતના આર્થિક પાટનગરમાં કોટક મહિન્દ્રા બેંકમાં સારા પગારવાળી નોકરીમાં જોડાયો હતો. દેખીતી રીતે જ આવા સારા મુરતિયા માટે માંગા આવવાના શરૂ થઈ ગયા. શીતલના મામા જે સંકેતના પિતાના મિત્ર હતા એમણે સંકેત સાથે એમની ભાણેજ શીતલના લગ્નનો પ્રસ્તાવ મુક્યો.



પહેલી મુલાકાત વખતે જ જાણે બંનેને લાગ્યું કે તેઓ એકમેક માટે જ સર્જાયા છે. સંકેત અને શીતલની જોડી એટલે જાણે "ચાંદ અને ચકોરી". મજબૂત બાંધાનો સંકેત દેખાવે આકર્ષક હતો તો શીતલ પણ ગોરી અને સુંદર હતી. જાણે બંનેનું સર્જન એકબીજા માટે જ થયું હતું. ઝડપથી લગ્ન ગોઠવાઈ ગયા અને હનીમૂન બાદ સંકેત અને શીતલ અમદાવાદની લાઈફમાં પરોવાઈ ગયા. શનિ-રવિની રજાઓમાં બંને વિજયનગર આવી જતા અને પરિવાર સાથે મોજ માણતા. સોમવારે સવારે વહેલા અમદાવાદ આવવા નીકળી જતા અને રૂટીન લાઈફમાં બીઝી થઈ જતા. બંને એકબીજા સાથે બહુ જ ખુશ હતા તો સંકેતનો પરિવાર પણ શીતલની વર્તણુકથી અત્યંત ખુશ હતો. સમય વ્યતિત થતા વાર નથી લાગતી. સંકેત અને શીતલના જીવનમાં પ્રણય અને વૃતાંત નામે બે દિકરાઓની પધરામણી થઈ. પ્રણય ૧૦ વર્ષનો અને વૃતાંત ૬ વર્ષનો હતો ત્યારે અચાનક જ એક મહિનાના ગાળામાં સંકેતના માતાપિતા અવસાન પામ્યા.

ધીમે ધીમે ગામડે જવાનું ઓછું થઈ ગયું. સંકેત શહેરની લાઈફમાં ગુંથાઈ ગયો હતો જ્યારે મોટાભાઈ હજુ ગામડાની લાઈફ છોડીને શહેર આવવા તૈયાર નહોતા. મોટાભાઈ ખેતી કરતા હતા અને સંકેતની જોબ એને છોડે એમ નહોતી. બંને પોતાના જીવનમાં વ્યસ્ત થઈ ગયા હતા. ગામડે જે કાંઈ પણ મિલકત હતી એનો માલિકી હક મોટાભાઈને આપીને એ પોતાના જીવનમાં ખુશ હતો.

એક વખત સંકેતની બેંકના મિત્રોએ ફરવા જવાનો પ્રોગ્રામ બનાવ્યો. સૌ ફેમિલી સાથે ગોવા ફરવા ગયા. ત્યાં દરિયામાં ન્હાવા પડ્યા. સંકેતને તરતા આવડતું નહોતું એટલે એ દૂર જ ઉભો હતો. પણ મિત્રો માન્યા જ નહીં. અહીં સુધી આવીએ અને દરિયામાં ન્હાઈએ નહીં એ કેમ ચાલે. સંકેતે ઘણું સમજાવ્યું કે મને તરતા નથી આવડતું પણ કોઈ માન્યું જ નહીં. કિનારે કિનારે જ ન્હાઈશું એમ કહીને સંકેતને મિત્રો પાણીમાં ખેંચી ગયા. થોડી વાર થઈ હશે ત્યાં તો દરિયામાં એક મોટી "લહેર" આવી અને બધાને ખેંચતી ગઈ. બીજાને તરતા આવડતું હતું એટલે પાછા કિનારે આવી ગયા પણ સંકેત પરત આવી ના શક્યો. કોસ્ટગાર્ડ પણ પાણીમાં પડ્યા અને સંકેતને બચાવવાની કોશિશ કરવા લાગ્યા પણ પ્રભુની મરજી આગળ કોઈનું ચાલતું નથી. ઘણા પ્રયાસો પછી સંકેતનો નિર્જીવ શવ મળી આવ્યો. દરિયાની "લહેર" શીતલ અને બંને બાળકોના જીવનમાં "દુઃખની લહેર" બનીને આવી.

શીતલ એકદમ હતપ્રભ થઈ ગઈ હતી. આ પરિસ્થિતિમાંથી બહાર કેવી રીતે નીકળવું એ જ એને ખબર નહોતી પડતી. ગામડે બધી મિલકત મોટાભાઈને આપી દીધી હતી. મોટાભાઈ સ્વભાવે સાલસ હતા એટલે શીતલ અને બંને બાળકોની જવાબદારી લેવામાં એમને કોઈ વાંધો નહોતો. પણ શીતલ એમ વિચારતી હતી કે હવે શહેરમાં જ બાળકોનું ભવિષ્ય છે એટલે મોટાભાઈ પાસે હાથ લાંબો કરવો નથી. પોતે પણ ભણેલી હતી એટલે કંઈક જોબ મેળવીને બાળકોને ભણાવશે. પણ હાથ ઉપર કોઈ જ મૂડી નથી કે જેથી કંઈક ટેકો મળી રહે. સંકેતની બારસ ભરવાની વિધિ વિજયનગર જ કરવામાં આવી. એજ દિવસે એમની સમાજના માણસો આવ્યા અને મોટાભાઈ સાથે વાત કર્યા બાદ ૫ લાખ રૂપિયાનો ચેક શીતલના હાથમાં આપ્યો. ચેકની રકમ અને એની ઉપર પોતાનું નામ જોઈને શીતલ અચંબિત થઈ ગઈ. એને સમજ ના પડી કે આ શું થઈ રહ્યું છે. સમાજમાંથી આવેલ ભાઈઓમાંથી એક અગ્રણી ભાઈએ જણાવ્યું કે સંકેત સમાજની "યુવા સુરક્ષા કવચ" યોજનાનો સભ્ય હતો જેમાં કોઈ સભ્યનું મૃત્યુ થાય તો અન્ય સભ્યો થોડી થોડી રકમ ભેગી કરીને ૧૦ લાખ જેવી માતબર રકમ મૃતક સભ્યના ઘરે પહોંચાડે છે. અત્યાર સુધી સભ્યોના મૃત્યુ થયે સંકેતે પોતાનો ભાગ આપ્યો છે તો આજે સંકેતના મૃત્યુ ઉપર અન્ય સભ્યો તરફથી આ રકમ શીતલને આપવામાં આવશે જેમાં ૫ લાખનો ચેક આપીએ છીએ અને બીજા ૫ લાખનો ચેક એક મહિના પછી ઘરે પહોંચાડવામાં આવશે.

આ સાંભળીને શીતલને ખબર નહોતી પડતી કે હવે શું કરવું?. હજુ સંકેતના મૃત્યુને ૧૨ જ દિવસ થયા હતા અને મનમાંથી દુઃખની "લહેર" આવીને સંપૂર્ણપણે ગઈ પણ નહોતી. બાળકોના અભ્યાસ માટે રકમ ક્યાંથી આવશે એ પ્રાણપ્રશ્ન હતો જેનો ઉકેલ પણ સંકેત જ આપી ગયો હતો. ૧૦ લાખની રકમ બાળકોના અભ્યાસ માટે પૂરતી છે એ વાતે અત્યંત દુઃખી હોવા છતાંય શીતલના મનમાં "ખુશીની લહેર" પસાર થઈ ગઈ.

સ્મિત નો ચેક
રચયિતાઃ
સી.એ. પંકજ પારસીયા,
અમદાવાદ

આભ માઁ ઉગેલ ચાંદલો

ઘણા ઓછા લોકોને જાણ હશે કે માતા જીજીબાઈ અને પિતા શાહજીના પુત્ર શિવાજીનો જન્મ ૧૯, ફેબ્રુઆરી ૧૬૩૦નાં રોજ રાત્રે થયેલો. પરંતુ એ સત્પુરુષનો જન્મ કેવી સ્થિતિમાં થયેલો અને તેની માતાએ કેવા પાઠો ભણાવેલાં એનું વર્ણન કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીએ હાલરડામાં વર્ણવ્યું છે.

એવું બને છે કે બાદશાહની સેના એક રજવાડાં ઉપર હુમલો કરે છે, વિશાળ સેના હોવાથી એ નાનું રજવાડું તેની સેના સામે લડવા સક્ષમ નથી હોતું. તેથી બંને જણા ત્યાંથી નીકળી જવાનું વિચારે છે, આદેશ મુજબ દરવાજા ખોલાય છે અને બંને જણા પોતપોતાનાં ઘોડા લઈને બહાર નીકળી જાય છે. દરવાજા ફરી બંધ થઈ જાય છે.

બહાર નીકળે છે ત્યાં તો લાખોની સેના મીટ માંડીને બેઠી હોય છે. આગળ બંને ઘોડેસવાર અને પાછળ સેના. સેનાનો બસ એક જ ઉદ્દેશ હતો કે બંને યુગલને મારી નાખવામાં આવે. અને જો ના મારે તો બાદશાહ સેનાપતિને મારી નાંખે એમ હતા. સૌના હથિયારનું નિશાન બસ આ બે ઘોડેસવાર જ હતા.

પાઘડ...ધામ...પાઘડ....ધામ... કરતા ઘોડા દોડતા હતા, એવામાં એક સાંકડું નાળુ આવ્યું. એ નાળામાં એક તરફી જ રસ્તો હતો. કાંટાળી ઊંચી બે માથોડા જેવડી વાડ, એવામાં સામેથી બોરડીના કાંટા ભરેલું ગાડું આવતું હતું, તેથી ઘોડો આગળ દોડાવવો શક્ય નહોતો, પાછળ બાદશાહની સેના ખૂબ જ નજીક આવી ગઈ હતી. ત્યારે આગળનો અસવાર બોલ્યો જેટલાને મારી શકીએ એટલાને મારીયે અને છેલ્લે નહીં પહોંચી વળિયે તો મરી જાશું પણ અહીં ઉભા રહી જઈએ.

ત્યારે પાછળનો અસવાર કહે છે મારવું પણ નથી અને મરવું પણ નથી, ઉભું પણ નથી રહેવું. મારવાના, મરવાના, ઉભા રહેવાના, પાછા પડવાના અને નીકળી જવાના યોગ્ય ટાણા હોય. ત્યારે પાછળનો અસવાર કહે છે કે તમારો ઘોડો થોડો એકબાજુ રાખો તો હું મારો ઘોડો કુદાવી દઉં.

આગળનો ઘોડેસવાર એક બાજુ રહ્યો અને પાછળના અસવારે ઘોડાને થપાટ મારી અને ઘોડો કાંટા ભરેલું ગાડું કૂદી ગયો. અને પાછળનો અસવાર પણ થોડો પાછો જઈ થપાટ મારી ઘોડો કુદાવી ગયો. જાણો છો પહેલો ઘોડો કોણે કુદાવ્યો? સાહેબ!,

એ પહેલો ઘોડો આ ભારત દેશની આર્યનારીએ કુદાવ્યો. એમ એક રાતમાં અઢીસો કિલોમીટરનું અંતર કાપ્યું. પાછળ સેના અવિરત ચાલી આવે છે.

આટલું અંતર કાપ્યા પછી પહેલો ઘોડો કુદાવનારી સ્ત્રી પોતાના પતિને કહે છે કે મારાથી હવે વધુ ઘોડા ઉપર નહીં બેસાય, તમે ચાલ્યા જાઓ. ત્યારે એ બીજો ઘોડેસવાર પૂછે છે કારણ શું?

ત્યારે એ દેશની નારી કહે છે કે મને પ્રસૂતિની પીડા ઉપડવાની તૈયારી છે. તમને માતાજીનાં સોગંધ તમે નીકળી જાઓ. ત્યારે એ પુરુષ, એ ઘોડેસવાર માતાજીનાં સોગંધથી બંધાઈને આગળ નીકળી જાય છે અને એ દેશની નારી થોડી આગળ જતાં ત્યાં એક ડુંગરા પાસે પોતાનો ઘોડો થોભાવે છે. પાછળ સેનાપતિ અને બાદશાહની સેના તેને આંબી જાય છે.

એક હાથમાં ભાલો અને બીજો હાથ પેટ ઉપર રાખીને એ દેશની સ્ત્રીને ઘોડેથી ઉતરતા જુવે છે ત્યારે એ સેનાપતિ બોલી ઉઠે છે, યા અલ્લાહ હું આ શું જોઈ રહ્યો છું? આ દેશની નારીની આ તાકાત?

હાથમાંથી તમામ શસ્ત્રો જમીન ઉપર પડી જાય છે અને સેનાને આદેશ આપે છે કે દેશની આ સિંહણને કોઈ હાથ ના લગાવતાં, એ વિફરશે તો કેટલાંયે હોમાઈ જશે. અને એ સેનાપતિ ત્યારે આ ભારત દેશની નારીને સલામ કરીને એટલું બોલેલો કે પુરા દિવસો જતા હોય, બાળક જન્મવાની તૈયારી હોય અને તો'યે અઢીસો કિલોમીટરનું અંતર કાપી શકે એ માત્ર હિન્દુસ્તાનની નારી જ કરી શકે એવી તાકાત કોઈ અન્ય નારી પાસે ના હોય.

એ નારી જેમ જેમ આગળ ડગલાં ભરે એમ એમ એ લાખોની ફોજ તેને સેનાપતિના હુકમથી આગળ જવાનો માર્ગ કરી આપે છે. ભાલાને ટેકે એ ડુંગરો ચડે છે. અને શિવલહેરીનાં કિલ્લા તરફ પ્રયાણ કરે છે. એ દ્રશ્ય જોઈને બાદશાહનો સેનાપતિ એ સ્ત્રીને સલામ કરે છે અને કહે છે બેન હું બાદશાહનો સેનાપતિ છું તારે જરૂર હોય તો હું સો સૂયાણી બોલાવી દઉં પણ તને કંઈ થઈ જશે તો મારી જાતને માફ નહીં કરી શકું.

ત્યારે એ સ્ત્રી એટલું જ કહે છે કે નથી જરૂર સૂયાણીની, હું સક્ષમ છું, બસ તમે યુદ્ધ માટે તૈયાર રહેજો. ત્યારે સેનાપતિ વિચારે છે કે આ સ્ત્રી આવી હાલતમાં છે તો યુદ્ધ કરશે કોણ?

અને એ સ્ત્રી દાદર ચડીને સોળ સ્થંભ અને ત્રણ ઘુમ્મટનાં શિવનાં મંદિરમાં પ્રવેશીને મંદિરના દ્વાર બંધ કરે છે. પરિણામને જોવા ચારેય બાજુ સેના પથરાયેલી છે.

થોડી વાર થઈ ત્યાં બાળકના રડવાનો અવાજ સંભળાયો હું...આ... હું...આ... હું...આ... સેનાપતિ ખુશ થઈ ગયો અને પૂછ્યું બેન દીકરો કે દીકરી ત્યારે એ લોહીથી લથપથ સ્ત્રી જવાબ આપે છે તમારું મોત, તમારો કાળ શિવાજી જન્મ્યો છે. સેનાપતિ કહે છે કે મારે એકવાર એનું મોઢું જોવું છે, જેની મા આટલી શૂરવીર હોય એનો દીકરો કેવો હશે ત્યારે એ વિરાંગના કહે છે કે અઢાર વરહની વાટ્ય જુવો જ્યારે એ ખંજર લઈને તમારી છાતીમાં ભોંકે ત્યારે એનું મોઢું જોઈ લેજો. અત્યારે મારાં શિવાનું મોઢું જોવાનો તમારો વખત નથી...

અને ત્યારે શ્રી ઝવેરચંદ મેઘાણી લખે છે કે,

આભમાં ઉગેલ ચાંદલો 'ને
જીજાબાઈને આવ્યા બાળ રે,
જીજાબાઈને આવ્યા બાળ.
બાલૂડાંને નિંદરુ ના'વે,
માતા જીજાબાઈ ઝુલાવે...!!

શિવાજી મહારાજ ના જનેતા કાજે
(અજ્ઞાત)

કેનેડામાં માં કકપા ના યુવાઓ નું જન્માષ્ટમી નિમિતે સ્નેહમિલન આનંદનો ઉત્સવ..

KKPS CANADA SUMMER PICNIC AND JANMASTAMI CELEBRATION

સમાજ ભવન નથી તો સુ થયું પ્રકૃતિના ખોળે મટકી ફોડ નો કાર્યક્રમ, કેનેડા

વિવિધતા માં આત્મીયતા, સુંદરતા ખૂબ ઠાંસી ઠાંસી ને ભરી છે કેનેડામાં પણ તેને મહાલવા ને અનુભૂતિ શેર કરવા આપણા આત્મિય તો જોઈએને તો ભેગા થયા કેનેડિયન કેકેપી... આભાર સહ ભવિન છાભૈયા..

દોડવું રમવું અને ખુશીઓને માંણવી એ માનવનો સહજ સ્વભાવ છે અને તે સંઘઠન થકી કેનેડામાં ભવિન છાભૈયા અને તેની ટીમ કેકેપી યુવાઓ ને તેનું પ્લેટફોર્મ આપે છે.. અભિનદીત કરીએ...

સાથે સાથે ફિટનેસ તો જરૂરી છે ને વતન થી દૂર કેનેડામાં આવી ને તંદુરસ્ત તો અતિ જરૂરી છે તો ઉત્સવ ના ઉત્સાહ માં પણ યોગા જરૂરી છે..

મર્યાદિત સંખ્યા માં રજિસ્ટ્રેશન કરીને જન્માષ્ટમી નો ઉત્સવ કકપા યુવાઓ નો પ્રિય અને તે કેનેડામાં માનવવો એ કાર્ય ભાવિન છાભૈયા દ્વારા કરવામાં આવ્યું.. ઘણાં વર્ષ થી ભાવિન પરિવાર કેનેડામાં સેટલ છે. સેવાભાવી અને સંઘઠન પ્રિય વ્યક્તિત્વ ધરાવતા ભવિન છાભૈયા ની મુલાકાત આપણા અરુણભાઈ અમદાવાદ ખાસ લીધી છે..

ભારતમાંથી આવતા વિદ્યાર્થીઓને મદદરૂપ થવું તે કર્તવ્ય તેઓ બખૂબી નિભાવે છે. માતાપિતા ને ભારતમાં સહજ ચિંતા થતી હોય તે ચિંતાઓ કેનેડામાં રહેતા આ પરિવાર સાથે વાતચીત કરતાજ બધા ચિંતા મુક્ત બને છે અને સહજ શબ્દ વાગોળે છે..

આપણાં છે ને ત્યાં એ આપું વાળા છાભૈયા એટલે અહીં રહેતા ભારતમાં પરિવાર સગા સ્નેહીઓ ને નિરાંત થાય છે.. ભાવિનભાઈ આવા ભારતીય તહેવાર નિમિતે બધાને એકત્ર કરવાનો સુંદર પ્રયાસ કરે છે અને સહુને તેઓ ખૂબ પ્રેમ કરે છે.. આપણે સહુ અત્રેથી ભાવિન અને તેમના પરિવાર ને અભિનદીત કરીએ...

સામાજિક અને આધ્યાત્મિક મિશન
શ્રીસમાજ, પ્રચાર અને પ્રસાર
સનાતન ધર્મ પત્રિકા..



વડીલ વંદના... સરદાર પટેલ રીજીયન... સંતરામ વિભાગ

તા. ૯/૯/૨૧ ને ગુરુવારે સંતરામ વિભાગ દ્વારા વડીલ વંદના ના કાર્યક્રમને લઈને કોર કમિટીની વેબીનાર મિટિંગ રાખવામાં આવી હતી. જેમાં સરદાર પટેલ રિજિયનના ચરોતર વિભાગ પૂર્વ પ્રભારી હરિભાઈ રંગાણી અધ્યક્ષ તરીકે ઉપસ્થિત હતા. વિભાગીય મહામંત્રી જીજ્ઞેશભાઈ સુરાણી એ ખેડા જિલ્લા ઘટક કારોબારી સાથેની મીટિંગમાં ચર્ચાયેલા મુદ્દાઓની જાણ કર્યા બાદ કાર્યક્રમની રૂપરેખા જણાવતા મીટિંગની શરૂઆત કરી હતી. ત્યારબાદ વિભાગીય પ્રભારી જીતેન્દ્રભાઈ પોકારે વડીલોના સન્માન, દાતાશ્રીઓ અને કાર્યક્રમની વ્યવસ્થા અંગે વિશેષ રજુઆત કરી હતી. અધ્યક્ષશ્રી હરિભાઈ રંગાણી એ પણ કાર્યક્રમનો ઉત્સાહ વધારતા વિશેષ સૂચનો કર્યા હતા. યુવા ઉત્કર્ષ કન્વીનર અમિતભાઇ લીંબાણી એ દરેક યુવક મંડળ સુધી આ કાર્યક્રમની જાણ કરવા પ્રચાર પ્રસાર પર ભાર મુક્યો હતો. મીટિંગમાં હાજર અન્ય મિત્રોએ પણ પોતપોતાના સૂચનો રજૂ કર્યા હતા. રાજકીય જાગૃતિ કન્વીનર હસમુખભાઈ ધોળુ એ મીટિંગની આભારવિધિ કરીને મિટિંગને પૂર્ણ જાહેર કરી હતી.

સંકલન : જીજ્ઞેશ સુરાણી
મહામંત્રીશ્રી - સંતરામ વિભાગ

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ : ૦૬/૦૯/૨૦૨૧ સોમવાર

સ્વ. મનજીભાઈ અબજીભાઈ રંગાણી
ઉંમર : ૯૫ વર્ષ
કચ્છમાં ગામ : રામપર (સરવા)
હાલે : નડિયાદ (ગુજરાત)
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

તારીખ : ૯ /૯/૨૦૨૧ ગુરુવાર

સ્વ. શામજીભાઈ કરસનભાઈ ભાવાણી
ઉંમર : ૬૦ વર્ષ
કચ્છમાં ગામ : રસલીયા
હાલે : સુકેના, નાશિક
અવસાન : ટૂંકી માંદગી બાદ

સ્વ. નર્મદાબેન શિવજીભાઈ પારસિયા
ઉંમર : ૭૯ વર્ષ,
કચ્છમાં ગામ : નાના અંગીયા
હાલે : કલકત્તા (પશ્ચિમ બંગાળ)
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

સ્વ. કરસનભાઈ લાલજીભાઈ નાકરાણી
ઉંમર : ૧૦૩ વર્ષ
કચ્છમાં ગામ : સાંયરા (યક્ષ)
હાલે : રાયપુર (છ.ગ)
અવસાન : નૈસર્ગિક, સુખદ અવસાન

તારીખ : ૧૦.૦૯.૨૦૨૧ શુક્રવાર

સ્વ. હરજીભાઈ ગોપાલભાઈ છાભૈયા
ઉંમર : ૮૨ વર્ષ,
કચ્છમાં ગામ : લક્ષ્મીપુર (નેત્રા)
હાલે : કલ્યાણ (મુંબઈ)
અવસાન : ટૂંકી માંદગી બાદ

સ્વ. દેવકાબેન કાનજીભાઈ લીંબાણી
ઉંમર : ૯૫ વર્ષ
કચ્છમાં ગામ : જીયાપર (સ્થાનિક)
અવસાન કારણ : નૈસર્ગિક

સ્વ. ધનબાઈ અરજણભાઈ ડાયાણી
ઉંમર : ૮૨ વર્ષ
કચ્છમાં ગામ : ધાવડા મોટા
હાલે : કલકત્તા અને અમદાવાદ
અવસાન : ટુંકી સારવાર દરમિયાન

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના. - શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

ૐ શાંતિ શાંતિ શાંતિ ૐ શાંતિ શાંતિ શાંતિ ૐ શાંતિ શાંતિ શાંતિ